# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




આટલા દિવસમાં 'નવો પક્ષ', થાય નહીં, બાપા!
ખાલી-ખોટા હાકલા ડાકલે કૈં થાય નહીં બાપા!
એમ ઉખડશે નહીં બાપા! મૂળ ઊંડા છે ખૂબ
મહિનાઓની મુદ્દત પડે કૈં થાય નહીં બાપા!
(હવે ઓગષ્ટ માં વાત!)

આતંકીઓનું
છે તાલીમ - કેન્દ્ર ને
આશ્રય - સ્થાન..
(-છતાં શરમ-સંકોચ નથી!)

આપણા વાળા
'ઢીલા' કબૂલે નહીં -
'જાસૂસી' માટે..
(સરજીતની મુશ્કેલી)




## ચિંતન

**વરં તુંગાચ્છૃતાંગ ગુરૂ શિખરિંણઃ કકાપિ પુલિને । પતિત્ત્વાયં કાયઃ કઠિન દૃષદન્ત વિંદલિતઃ ।**
**વરં ન્યસ્તો હસ્તઃ ફણિપતિ મુખે તીવ્ર દર્શને, વરં વહનૌ પાતસ્તદપિ ન કૃતઃ શીલ વલયઃ ॥**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક શીલચારિત્ર્ય - સદાચારનું મહત્ત્વ સમજાવે છે :-

'ઊંચા પર્વતના શિખર પરથી કૂદીને કોઇ ખડકાળ ખીણમાં પડી શરીરને છિન્નભિન્ન કરી નાખવું સારું, અથવા તીવ્ર ઝેરી દાઢોવાળા ઝેરીલા ફણિધર નાગના મુખમાં હાથ નાખવો સારો પરંતુ શીલ અને સદાચારથી ચલિત થઇ ચારિત્ર્યનો નાશ કરવો એ યોગ્ય નથી.'

અંગ્રેજીમાં એક કહેવત છે 'નાણાં-પૈસા ગૂમાવવો પડે - તો કંઇ ગૂમાવ્યું નથી એમ કહી શકાય. તંદુરસ્તીને જો નૂકશાન થયું હોય તો કંઇક - થોડું ઘણું ગુમાવ્યું છે એમ કહી શકાય - પરંતુ ચારિત્ર્યથી જો ચલિત થઇ જવાય તો વ્યક્તિએ જીવનમાં સર્વસ્વ ગુમાવ્યું છે એમ સમજવું.'

શીલ - ચારિત્ર્ય જીવન - વહેવારનું ખૂબ જ અગત્યનું અંગ છે. સમાજની મર્યાદાઓ, સંબંધની મર્યાદાઓ સત્ - ચારિત્ર્યના સંકલન અને એ વિશ્વાસથી ચાલે છે.

ભ્રૂણ હત્યાના ભયની પાછળ સામાજિક ચારિત્ર્યનો ડર છુપાયો છે. બળુકા - ધનવાનો - ગુંડાઓ - ચારિત્ર્યની મર્યાદા ઓળંગી સામાજિક સંતુલન અસ્તવ્યસ્ત કરવા લાગ્યા છે.

## સુવિચાર

- પુનર્જન્મ વગર જગત ન્યાય પુરઃ સર ચાલે છે તેમ સિધ્ધ કરવું એ લગભગ અશક્ય છે **- ગાંધીજી**
- સંત સમાગમ પૂર્વજન્મનાં કર્મો અને સંબંધો ઉપર આધારિત હોય છે- **મા આનંદમયી**
- સવારે કોઇને આપેલું દુઃખ સાંજે આપણને જ પાછું આવી મળે છે તે પૂનર્જન્મ **- તિરૂવલ્લુવર**
- નાનામાં નાની ઇચ્છા કે વાસના પુનર્જન્મનું કારણ બની શકે છે **- મા શારદામણી**
- પૂર્વજન્મના કર્મોની આપણને ખબર હોતી નથી પણ આ જન્મમાં આપણે જે રીતે જીવીએ છીએ તેના પરથી તેનો અંદાજ તો આવી જ જાય છે **- વાલ્મિકી**
- ભૌતિક શરીરના નાશ સાથે જીવન સદા માટે સમાપ્ત થઇ જતું નથી, જીવ પોતાની ભાવના-કર્મો - પ્રકૃતિ અનુસાર ફરીથી જન્મ લે છે **- કુમારપાળ દેસાઇ**
- જન્મ લઇ ચૂકેલા જીવને મૃત્યુ સિવાય કોઇ જ ભય નથી **- વાલ્મિકી**

## બોધ કથા

પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, સંસ્કાર, સ્વભાવ પ્રયત્નથી બદલતા નથી. દેશમાં વટલાળ પ્રવૃત્તિ બહુ ચાલતી હતી હિંદુમાંથી ખ્રિસ્તી, ખ્રિસ્તીમાંથી હિંદુ, મુસ્લિમમાંથી હિંદુ વગેરે ધર્મપ્રચાર અને લાલચ - આપવામાં આવી હતી.

**બાદશાહે - બીરબલને પૂછવું શું ખરેખર ધર્મ પરિવર્તન થતાં માણસનો ધર્મ હૃદયથી** બદલાઇ જાય? એના ખૂદા પણ અલગ થઇ જાય? બીરબલ કહે, ના હું એમાં નથી માનતો. વિધિપૂર્વક ધર્મ પરિવર્તન થાય છતાં માણસનો અંતરાત્મા બદલતો નથી..

બાદશાહ કહે, હું તારી ચતુરાઇ ભરી વાતો એમ ન સ્વીકારું, તારે દાખલો આપી મને સમજાવવો પડે!

બીરબલ નદી કાંઠે ગયો, ત્યાં એક કુંભાર ગધેડાને નવડાવતો હતો. તેને જઇ બીરબલે કાનમાં કંઇક કહ્યું, અને પછી ફરી બાદશાહને લઇને ત્યાં ગયો.

બીરબલે રાજાને કહ્યું, આ કુંભારને પૂછો કે, તે ગધેડાને શા માટે નવડાવે છે? પૂછ્યું.

કુંભાર કહે એક સંત મંત્ર આપી કહી ગયા છે એને ઘસી ઘસી નવડાવ, ગધેડામાંથી ઘોડો થઈ જશે! બાદશાહ ખૂબ હસ્યો.

બીરબલ તરત બોલ્યો, નામવર ધર્મ પરિવર્તન નો જવાબ પણ તમને આમાંથી જ મળી ગયો ને?!

# બાળકની નકારાત્મક વિચારધારાને નિયંત્રિત કરી યોગ્ય દિશા આપવી એ પ્રત્યેક માતાપિતાની ફરજ છે

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

સગાં ભાઇ-બહેનો વચ્ચે ઇર્ષા કે હરિફાઇની લાગણી અર્થાત એકબીજાની વધારે શ્રેષ્ઠ કરી બતાવવાની પ્રતિસ્પર્ધા કે હોડ - જે 'સિબ્લિંગ જેલસિ' તરીકે ઓળખાય છે. તે એક રીતે જોઇએ તો તેમાં કશું ખોટું પણ નથી. જો કોઇ પણ બે વ્યક્તિઓ વચ્ચે તે સહજ અને સ્વાભાવિક લાગણી હોય, તો તેનાથી સગાં ભાઇબહેન કેવી રીતે અલિપ્ત રહી શકે? પરંતુ આ સ્પર્ધા જયારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને ઇર્ષામાં પરિવર્તિત થવા લાગે અને સગાં ભાઇબહેન એકબીજાને ઉતારી પાડવાની કે કામ બગાડવાની તક શોધવા લાગે, ત્યારે માતાપિતા માટે ચોક્કસપણે આ બાબત ચિંતાનો વિષય બની જાય છે.

જો આપણે આપણી આસપાસ નજર દોડાવીશું તો એવા ઘણા દાખલા જોવા મળશે, જેમાં સગાં ભાઇ-બહેનોએ ઇર્ષાનો ભોગ બની એકબીજા પર જીવલેણ હુમલાઓ પણ કર્યા હોય. કેટલાક પ્રતિષ્ઠિત પરિવારોના આવા ઝઘડા તો ઘરનો ઉંબરો ઓળંગીને બહાર રસ્તાઓ પર આવી જાય છે.

આપણી સામે હરિભાઇ અને ઇર્ષાનો જીવતો જાગતો દાખલો છે. દિવંગત ધીરૂભાઇ અંબાણીના પુત્રો મુકેશ અંબાણી અને અનિલ અંબાણીનો. વિશ્વના ટોચના દસ ધનકુબેરોની યાદીમાં પાચમાં અને છઠ્ઠા ક્રમે બિરાજતા આ ભાઇઓએ પોતાને એકબીજા કરતાં વધુ શ્રેષ્ઠ સાબિત કરવાની જિદ્દમાં માત્ર મીડિયા સમક્ષ એકબીજા પર આક્ષેપો પ્રતિ આપેક્ષો કર્યા નહીં, પણ પોતાના કૌટુંબિક અને વ્યવસાયિક ઝઘડાઓને છેક અદાલત સુધી ઘસડી જતાં પણ ખચકાયા નહીં.

અનિલ અંબાણીએ તો કુદરતી ગેસ વિવાદના મામલામાં મીડિયા સમક્ષ ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય પર જ સીધેસીધો આક્ષેપ કર્યો કે હતો કે, પેટ્રોલિયમ મંત્રાલય તેમના ભાઇ મુકેશ અંબાણીની તરફેણ કરી તેને અંગત લાભ આપી રહ્યું છે. તેમના આ નિવેદન સામે તત્કાલીન પેટ્રોલિયમ પ્રધાન મુરલી દેવરાએ પણ ઉગ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, મને તો એ જોઇને ખૂબ આશ્ચર્ય થાય છે કે બંને ભાઇઓ સાર્વજનિક રીતે એ વસ્તુ માટે ઝઘડી રહ્યાં છે. જે એમની છે જ નહીં.

બાળકોનાં શારીરિક અને માનસિક વિકાસ માટે તેમની વચ્ચે સ્પર્ધાની લાગણી હોય તે જરૂરી છે. નાનાં બાળકોમાં આ પ્રકારની સ્પર્ધા તેમને એકબીજાની નજીક આવે છે, એકબીજા કરતાં વધુ સારું કરવાની પ્રેરણા આપે છે, જેનાથી બાળકના સર્વાંગી વિકાસમાં મદદ મળે છે, પરંતુ જેમ જેમ બાળકો મોટાં થાય તેમ આ પ્રતિસ્પર્ધા ઇર્ષામાં પરિવર્તિત થવા લાગે છે અને બાળકો એકબીજાથી આગળ નીકળી જવાની સ્પર્ધામાં એકબીજાને નીચા દેખાડવાનો પ્રયત્ન કરવા લાગે છે અથવા તો એકબીજાનાં કામ બગાડે છે. આ અત્યંત સંવેદનશીલ સમય હોય છે. જેમાં જગલે ને પગલે માર્ગદર્શનની તેમને જરૂર પડે છે. બાળકની નકારાત્મક વિચારધારાને નિયંત્રિત કરી યોગ્ય દિશા આપવીએ પ્રત્યેક માતાપિતાની ફરજ છે.

માતાપિતાએ મોટાં થતાં બાળકોની પ્રત્યેક હિલચાલ પર નજર રાખવી જોઇએ. જો બાળકોની વાતમાં સહેજ પણ ઇર્ષાભાવ દેખાય તો તેમને પ્રેમથી સમજાવીને તેમની વચ્ચે ઊભરી રહેલી ઇર્ષાની ભાવનાને આ જ વખતે દબાવી દેવી જોઇએ. આ માટે જરૂરી છે કે માતા-પિતા ક્યારેય બાળકો વચ્ચે તુલના ન કરે. એ જ રીતે એકની સરખામણીએ બીજાને વધારે હોંશિયાર, સમજદાર સાબિત કરવાનો પ્રયત્ન ન કરો. આનાથી બીજા બાળકનું મન ઘવાય છે, અને મનમાં લઘુતાગ્રંથિ જન્મવા લાગે છે, જે આગળ જતાં ઇર્ષાનું સ્વરૂપ ધારણ કરે છે.

માતાપિતાએ બધાં જ બાળકોને વધુમાં વધુ સમય આપવો જોઇએ. બધાંની સાથે એક સાથે જ બેસો, જુદાં જુદાં નહીં, જો માતા-પિતા બાળકને પૂરતો સમય નથી આપતાં તો તેમનાં સંતાન પોતાની જાતને નિઃસહાય અનુભવે છે અને તેમનું ધ્યાન પોતાની તરફ આકર્ષવા ચિત્રવિચિત્ર હરકતો કરે છે. જો માતા-પિતા એક બાળકને વધારે સમય આપે તો બીજા બાળકની લાગણી ચોક્કસપમે ઘવાય છે અને તેમનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે તે ઘણીવાર પોતાની જાતને પણ નુકશાન પહોંચાડે છે. જો માતાપિતા બંને બાળકોને પૂરતો સમય આપતા હોય તો કયારેક કોઇ એક બાળકને ઓછો સમય આપે ત્યારે બીજા બાળકોને એટલું દુઃખ થતું નથી. જયાં માતા-પિતા બંને નોકરી કરતાં હોય, તેમને બાળકોને સમય આપવા માટે થોડી વધારે મહેનત કરવી પડે છે. વધારે કશું નહીં. તો સૂવાના સમયે બાળકોના રૂમમાં એકાદ કલાક ચોક્કસ ગાળો. સ્કૂલમાં શું શું થયું એ સાંભળો. તેમની સાથે પથારીમાં સૂઇને વાર્તાઓ - કિસ્સાઓ સાંભળા-સંભળાવો. ઘર પરિવારની વાતો કરો. આમ કરવાથી બાળકો માત્ર માતાપિતા સાથે જ નહીં, પણ એકબીજા સાથે પણ માનસિક રીતે જોડાયેલાં રહેશે.

જયારે માતાપિતા બંને બાળકો વચ્ચે સરખામણી કરીને એકને બીજા કરતાં વધુ સારા સાબિત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે એ અજાણતાં જ બીજા બાળકનાં મનમાં ભડકી રહેલી ઇર્ષાની આગમાં ઘી હોમવાનું કામ કરીને ઇર્ષાને વધુ ભડકાવે છે. પોતાના બાળકની સરખામણી બહારના કોઇ બાળક સાથે કરીને તેને નીચો દેખાડવાના પ્રયત્ન કયારેય ન કરશો.

જો તમારાં બાળકો અંદરોઅંદર લડતાં ઝઘડતા હોય, એકબીજા પર ગુસ્સે થઇ બૂમબરાડા પાડતાં હોય, તો કયારેય એકને દોષિત ગણીને બીજાને ધમકાવશો કે ડરાવશો નહીં. બીજાને પણ પોતાની વાત કહેવાની પૂરતી તક આપો. આનાથી એમને લાગે છે કે તમે બંન્નેની વાતને સરખું મહત્તવ આપો છો કે તમે બંનેની વાતને સરખું મહત્ત્વ આપો છો. કોની ભૂલ છે એનો નિર્ણય સંપૂર્ણ પ્રામાણિકતાની કરો. સામાન્ય રીતે માતા-પિતા નાના બાળકની તરફેણ કરે છે અને મોટાંને હંમેશાં પીછેહટ કરવા માટે કહે છે. જેનાથી તેનો અહં ઘવાય છે. જયાં બાળકો વચ્ચે ઉંમરનું અંતર ઓછું હોય છે. ત્યાં મોટું બાળક બે વર્ષનું થાય ત્યારથી જ મોટું થઇ જાય છે. જયારે નાનું બાળક દસ વર્ષની ઉંમરે પણ નાનું જ રહે છે. આમ કરવાથી નાનું બાળક બગડે છે અને ખોટાં કામ કરતાં પણ ખચકાતું નથી, કારણ કે, તે જાણે છે કે તેને નાના હોવાનો ફાયદો મળવાનો જ છે. બીજી તરફ માતાપિતાનો પ્રેમ નાના ને જ વધારે મળે છે. આ જોઇને મોટા ભાઇએ કે બહેનનું મન ઘવાય છે. પરિણામે માતા-પિતા અને ભાઇબહેન પ્રત્યે તેના વિચારો નકારાત્મક થવા લાગે.

જયારે યુવાન બાળકો કોઇ વિષય પર ચર્ચા કરી રહ્યા હોય ત્યારે વચ્ચે ન પડો. તેમને પોતાની વાત કહેવાની અને બીજાની વાત સાંભળવાની તક આપો. કોઇ પણ એકનો પક્ષ લઇને બોલશો નહીં. જો ચર્ચા ગરમ સ્વરૂપ લેવા લાગે તો વિષય બદલીને ચર્ચા બંધ કરવાનું કહો, જેમ કે, જમવાનો સમય હોય તો જમવા માટે બોલાવી લો અથવા ફરવા કે ફિલ્મ જોવાનો પ્રોગ્રામ બનાવવાનું કહી શકાય. આવા જુદા જુદા નુસખા અપનાવીને બાળકોના વાદ વિવાદ બંધ કરાવી શકાય છે અને એમનું ધ્યાન બીજી તરફ લઇ જઇ શકાય છે.

**- સંદર્ભ : ગૃહશોભા મેગેઝીનના આધાર**

# જયારે સમગ્ર પ્રક્રિયા પરીક્ષાલક્ષી હોય ત્યારે તેમાં સફળ થવા માટે તેની કેટલીક ટેકનીકો જાણવી જરૂરી હોય છે, આવી સફળતાની ચાવી જેના હાથમાં આવી જાય છે તે વધુ સારો દેખાવ કરી શકે છે

## ગુજરાતી સાહિત્યનો પરિચયાત્મક સંદર્ભ ગ્રંથ

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એક ચોક્કસ સમયમાં મારે તમારી બૌધ્ધિક પ્રતિભા અને કૌશલ્યનો પરિચય આપવાનો હોય છે. તેમાં વિષયના તમારા જ્ઞાનની કસોટી માટે એવી રીતે પ્રશ્નો પુછાય છે કે, તેમાં સમગ્ર વિષયનો દોહન થઇ જતું હોય છે. આમ તો તે માટે ખુબ જ વિશાળ વાંચન, મનન અને ઉંડાણ પૂર્વકનો અભ્યાસ જરૂરી બની રહે છે. પરંતુ જયારે સમગ્ર પ્રક્રિયા પરીક્ષાલક્ષી હોય ત્યારે તેમાં સફળ થવા માટે તેની કેટલીક ટેકનીકો જાણવી જરૂરી હોય છે. આવી સફળતાની ચાવી જેના હાથમાં આવી જાય છે તે વધુ સારો દેખાવ કરી શકે છે.

"ગુજરાતી સાહિત્ય પરિચયાત્મક ગ્રંથ" સ્પર્ધાત્મક પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને ખાસ તૈયાર કરવામાં આવ્યો છે. તેમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, દલિત સાહિત્ય અકાદમી અમદાવાદના કર્તાહર્તાઓ વરિષ્ઠ લેખકો, કવિઓ, સાહિત્યકારો નો સહયોગ અને સમીક્ષકો, વિવેચકો તેમજ અનુવાદકોનું માર્ગદર્શન લઇ સંદર્ભ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં સાહિત્યિક જ્ઞાન અર્પનારા ડો. કેશુભાઇ દેસાઇ, ડો. ભરત મહેતા, ડો. હાસ્યદા પંડ્યા, ડો. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ડો. રાજેશ મકવાણા, બાબુ દાવલખુરા, ડો ઉષા. ઉપાધ્યાય, જયેન્દ્ર શેખડીવાલા, મણીલાલ હ. પટેલ, ડો. રતિલાલ ગોહિલ, ડો. એમ.બી. ગાયજનનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ મેળવામાં આવ્યો છે.

ગુજરાતમાં સૌથી વધુ સાહિત્ય અને સાહિત્યકારો ગુજરાતી ભાષાના છે. તેમાંય NET/SLET ની પરીક્ષા આપનારાઓમાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ હોય છે. તેમ છતાં ગુજરાતી ભાષા સાહિત્યમાં આ પરીક્ષાના અભ્યાસક્રમને આવરી લેતું એક પણ પુસ્તક ઉપલબ્ધ ન્હોતું. ત્યારે ડિવાઇન પ્રકાશનની અમૃતભાઇ ચૌધરીએ આ સંદર્ભે પુસ્તક આપી ખુબ ઉપયોગી કામ કર્યું છે

અગાઉના વર્ષોમાં અધ્યાપક બનવાની લાયકાતમાં NET/SLET ની અગત્યતા ઓછી હોવાથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આ પરીક્ષા અંગે બહુ ગંભીર ન્હોતા. પરંતુ હવે અધ્યાપક બનવા માટે NET/SLET ફરજિયાત બનાવાઇ છે ત્યારે ગુજરાતી ભાષા સાહિત્યના વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં સહાયભૂત થાય તેવા સંદર્ભગ્રંથ હોવો જોઇએ તેમ સૌ કોઇને લાગતું હતું. તે પડકારને ઝીલી લઇને ડો. ડી. એમ. ભદ્રેસરિયાએ ગુજરાતી સાહિત્યનો વૈકલ્પિક અને વર્ણનાત્મક એવો પરિચાયક ગ્રંથ આપી વિદ્યાર્થી આલમની જરૂરિયાતને મહદ અંશે સંતોષી છે.

UGC, NET/SLET ગુજરાતી સાહિત્ય પેપર-૧ અનેક માટે બે વરસની અમાય - અપાર અધ્યયન પ્રક્રિયાના ફળ સ્વરૂપે આ ગ્રંથમાં UGC, NET/SLET ના અભ્યાસક્રમ અંતર્ગત લેવાના




પેપર-૨ માટે પ્રારંભમાં ૫૦૦ થી વધુ વૈકલ્પિક પ્રશ્નોત્તરને પરીક્ષા પધ્ધતિના માળખામાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વર્ણનાત્મક વિભાગમાં પણ પેપર-૨ માટેની ઘણી વિષય સામગ્રીનો સમાવેશ કર્યો છે. જેમાં કુલ ૧૦ યુનિટમાં સામગ્ર અભ્યાસક્રમ નો આવરી લેવામાં આવ્યો છે. પેપર-૩માં તમામ યુનિસ એકમના મુદ્દાઓને આવરી લઇ સાહિત્યના સિધ્ધાંતો, સાહિત્યિક મત, વાદો, પાશ્ચાત્ય અને ગુજરાતી સાહિત્યના મીમાંસાકોની વિચારણાઓ, આપણા વિવેચકો - ભાષાશાસ્ત્રીઓ ઉપરાંત સંસ્કૃત, પ્રાંતિય વિદેશી અને ગુજરાતી સાહિત્યની કુલ ૭૪ કૃતિઓનો પરિચય જે - તે કૃતિની વિશેષતાઓ સહિત આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. અહીં યુનિટ-૭ માં ગદ્ય-પદ્યના સાહિત્ય સ્વરૂપોનો સરળ ભાષામાં પરિચય આપ્યો છે. જે વિદ્યાર્થીઓ ને સમજવા અને યાદ રાખવામાં મદદરૂપ બને તેવો છે.

વિદ્યાર્થીઓની જ્ઞાન સંપદામાં વધારો કરવાનાં ઉપક્રમે અહીં અભ્યાસક્રમથી ઉપરવટ જઇ શક્ય એટલા ઊંડાણથી સાહિત્ય સ્વરૂપ, સર્જક - વિવેચક અને કૃતિઓના પરિચય સાથે જે - તે કૃતિ-કર્તાની વિવિધતા - વિશેષતા સંદર્ભે પ્રાપ્ત થયેલાં ચંદ્રક, એવોર્ડ, પારિતોષિક - સન્માન વિગેરેની માહિતી આપવામાં આવી છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**રજી જુલાઇ**

- જર્મન કવિ - નવલકથાકાર હરમાન હેસનો જન્મ - ૨-૭-૧૮૭૭.

  સ્ટીફન વુલ્ફ, એ ગ્લાસ બીડ, 'સિધ્ધાર્થ' તેમની જાણીતી નવલકથાઓ છે. ૯-૮-૧૯૬૨ માં તેમનું અવસાન થયું.
- હોમીયોપેથી ઉપચાર પધ્ધતિના શોધક હામેખાનનું અવસાન. - ૧૮૪૩.
- માત્ર ૨૫ વર્ષની નાની વયમાં નોબેલ પ્રાઇઝ મેળવનાર ભૌતિકશાસ્ત્રી 'સર લોરેન્સ બેગ' નું અવસાન.
- ૧૯૮૩માં ભારતનું પ્રથમ ન્યુક્લીઅર પાવર સ્ટેશન મદ્રાસ પાસે કાર્યરત.
- ૧૯૦૧ માં ૩૭ ડિગ્રી ગરમીથી એક જ દિવસમાં ૪૦૦ માણસોના ન્યુયોર્કમાં મૃત્યુ થયા હતા.

# અંતે એક દવાખાનામાં ફોન કરતા સમાચાર મળ્યાં કે દેવાભાઇ નામની એક વ્યક્તિને ગઇ રાત્રે બેભાન થઈ જતાં દવાખાને દાખલ કરેલાં હતાં

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૩/૨૪)

**- જયંતીલાલ મકવાણા**

**(ગતાંકથી આગળ...)**

'બસ, એમ જ અમુ સિવાય બીજી કોઈ પણ વાત કરો!' દેવાએ ગુસ્સે થતાં કહ્યું.

'અરે દીકરા, એ તો તારી પરણેતર છે અને તું એના તરફ તિરસ્કાર ભર્યું વર્તન કરે છે! એ તને શોભતું નથી.'

'બા, મારે કાંઈ સાંભળવું નથી - એમ કહેતો દેવો એના રૂમમાં જતો રહેલ.' સોનબાએ કહ્યું.

'હું એ કાંઈ જાણતી નથી પરંતુ મેને લાગે છે કે દેવાને અણુ પ્રત્યે લાગણી ઘટી ગઈ હોય એવું લાગેછે!'

'સોનલ, તું તો પાણીમાંથી પોરા કાઢે છે. દેવાને પરીક્ષા નજીક આવતી હતી એનું તું વિચારતી નથી અને ન વિચારવાનું વિચારે છે.'

'ના, મુખી તમે દેવાને ગામડે તેડાવો મને તો શંકા છે કે કોઈએ એની કાન ભંભેરણી કરી લાગે છે!'

સોનલ દેવો ગામડે તો આવતો નથી. તેના મિત્રો બધાં ખેતીકામ કરે છે. એ લોકો શહેરમાં જતા નથી. તો પછી એની કાન ભંભેરણી કોણ કરે?'

'અરે મુખી, આતો શહેર છે, શહેરમાં કોઈએ સ્ત્રી શિક્ષણની વાતો કરી હોય કે કોઈ મિત્રોએ એને ખોટી ચઢાવણી કરી હોય આથી એને અમુ પ્રત્યે નફરત પેદા થઈ હોય!'

'હા, સોનલ એ વાત તારી સાચી હોઈ શકે!'

'સાંભળો મુખી અમુ છે તદ્દન અભણ. અને દેવું હવે એમ.એ. થઈ જાય એટલે એને એવું પણ લાગે કે મારો આ ગામડાની અબુધ છોકરી સાથે પનારો કયાંથી પડ્યો!'

'સોનલ ખરેખર તારામાં વ્યક્તિને પારખવાની શક્તિ છે ખરી.'

'મુખી દેવો તો મારો પેટનો જણ્યો છે. નવ માસ સુધી એને ગર્ભમાંથી સંસ્કાર મળેલ છે. એને ધાવણ ધવરાવી ધવરાવી આ હાડ ગળી ગયા છે. એ મારો પુત્ર ને હું ન ઓળખી શકું?' સોનબા ભાવાવેશમાં આવી બોલી ઊઠ્યા.

'હા, સોનલ તારી વાત સાચી છે.'

'તો પછી વધુ વિચાર કર્યા વિના તેને આજે જ ગામડે બોલાવી લીયો. એના વિના મને ચેન નહી પડે.'

'સોનલ, દેવાને ગામડે બોલાવાને બદલે આપણે શહેરમાં જઈએ તો કેમ?'

'અરે મુખી, તમે તો મારા મનની વાત કહી દીધી.'

'તો તો પછી થાવ તૈયાર.' મુખીએ કહ્યું.

'સારું ચાલો તો પછી કરો તૈયારી' આમ બોલતાં સોનબા અને મુખી બંને શહેરમાં જવા તૈયારી કરવા લાગી ગયા.

**પ્રકરણ-૨૪**

બસમાંથી ઉતરી મુખી અને સોનબા શહેરમાં દેવાની રૂમે જવા રીક્ષામાં ઉતરી મુખી અને સોનબાએ કહ્યું, 'મુખી દેવાનું મોઢું ત્રણ મહિને જોવા મળશે.'

'હા, સોનલ મેં પણ એને જોયો જ નથી ને! ગામડે આવે ત્યારે જોવા મળે ને!'

આમ વાતો કરતાં કરતાં દેવાની રૂમ આવી ગઈ. રિક્ષામાંથી ઉતરી દેવાની રૂમ તરફ ગયાં તો બારણે તાળું લટકતું હતું.

બાજુના ઘેર પૂછ્યું તો જવાબ મળ્યો કે 'ગઈકાલે દેવાભાઈની તબિયત બગડેલી એટલે દવાખાને લઈ ગયેલ.'

દેવાની તબિયતના સમાચાર સાંભળતા સોનબાના હૈયામાં ધ્રાસકો પડ્યો. તેમનું હૈયું ભરાઈ આવ્યું ને ગળગળા થઈને મુખીને કહ્યું, 'મારા દેવાને શું થઈ ગયું હશે!' સોનબાને ઢીલા થઈ જતાં જોઈ મુખીએ પેઢીએ ફોન કર્યો.

'હેલો'

'કોણ બોલે છે.'

'હું મુનીમજી બોલું છું.'

'મુનીમજી હું ગામડેથી આવ્યો છું અને દેવાની રૂમ પર ગયેલ તો સમાચાર મળ્યા કે તેની તબિયત બરાબર હતી નહી એટલે દવાખાને લઈ ગયેલ?'

'મુખી બાપા, તમે અહિ પેઢીએ આવી જાય.' મુનીમજીએ કહ્યું.

સોનબા અને મુખી પેઢીએ પહોંચી ગયા. સોનબાનું હૈયું કકળી ઊઠ્યું ને મનમાં શંકાકુશંકા કરવા લાગ્યો. તેઓ હતાશ થઈ જતાં મુખીને કહ્યું, 'મુખી, તમે દેવાની તપાસ જલ્દી કરાવરાવો.'

'હા, સોનલ, શાંતિ રાખ હમણાં જ મુનીમજી દેવાની તપાસ કરી સમાચાર આપશે.'

મુનીમજીએ કહ્યું, 'બાપા, તમે અહિં રૂમમાં આરામ કરો, હું દેવાભાઈની માહિતી મેળવી લઉં છું.'

'મુનીમજી, જેમતેમ તેમ જલ્દી દેવાના સમાચાર આપો. દેવાને જોયા વિના મને ચેન નહી પડે.' સોનબાએ ગળગળા અવાજે કહ્યું.

'બા, તમે જરાય ચિંતા ન કરતાં ટૂંક સમયમાં જ હું દેવાભાઈની માહિતી મેળવી લઉં છું.' મુનીમજીએ કહ્યું.

મુનીમજીએ ઓફિસમાં જઈને દેવાના મિત્રોને ફોન લગાડવા શરૂ કરી દીધા. પરંતુ કોઈ મિત્રો સાથે વાતચીત થઈ નહીં.

આથી સોનબા આવેશમાં આવીને મુનીમજી ને કહ્યું, 'દેવાના સમાચાર મળ્યા?' 'ના... બા... એમના મિત્રોને ફોન લાગતો નથી. હવે નજીકના દવાખાને ફોન કરૂં છું.'

'મુનીમજી તમે જલ્દી દેવાની માહિતી મેળવી મને જાણ કરો, મારો દેવો તકલીફમાં હશે!' એ એકલો જ છે. એની પાસે કોણ હશે!

**(અનુસંધાન પાના નં. ૬ પર)**